This page is printed from: http://www.akilanews.com/Main_news/Pdf/13-01-2018/121749

સવારે ચા સાંજે
અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ વિક્રમ સંવત્ ૨૦૭૪ પોષ વદ - ૧૨ શનિવાર

મુખ્ય સમાચાર

News of Friday, 12th January 2018

# દદી બિલ ન ચૂકવી શકે તો તેને હોસ્પિટલમાં રોકી રાખવાનું કૃત્ય ગેરકાયદેસર : લોકોને આ બાબતથી વાકેફગાર કરવા મહારાષ્ટ્ર સરકારના હેલ્થ ડીપાર્ટમેન્ટને મુંબઇ હાઇકોર્ટનો હુકમ



મુંબઇ : હોસ્પિટલમાં દાખલ કરાયેલ દદી પોતાનું બિલ ન ચૂકવી શકે તો તેને રોકવાનો તથા રજા આપી દેવાનો ઇન્કાર કરવાનું હોસ્પિટલનું પગલું ગેરકાયદેસર છે. દદીઓના આ હકકોની જાણ કરવાનું તથા તેમને તે બાબતથી જ્ઞાત કરવાનું કામ સરકારનું છે. હોસ્પિટલો આવા દદીઓ પાસેથી ફી વસુલવા કાયદેસર કાર્યવાહી કરી શકે છે. પરંતુ તેઓ સાજા થઇ ગયા હોવા છતા રજા આપવાનો ઇન્કાર કરી શકતી નથી. આવા દદીઓ પ્રત્યે હમદદી દર્શાવવાની સાથે મુંબઇ હાઇકોર્ટ રાજય સરકારને આ બાબતે કામગીરી કરવા અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આવા એક જાહેર હિતના કેસમાં મુંબઇ હાઇકોર્ટએ આવો ચૂકાદો આપ્યો છે. જસ્ટીસ શ્રી એસ. સી.ધર્માધિકારી તથા શ્રી ભારતી ડોંગરાની ન્યાયપીઠે આ બાબતે દોષિત હોસ્પિટલો માટેની કાયદેસરની દંડની જોગવાઇથી પ્રજાને વાકેફગાર કરવા તથા વેબસાઇટ ઉપર જાણકારી મુકવા મહારાષ્ટ્ર સરકારના હેલ્થ ડીપાર્ટમેન્ટને હુકમ કર્યો છે.

(7:50 pm IST)